એસ.કે.એ. યુ.કે.

૨૫ સપ્ટેમ્બર ૨૦૧૧ ના રોજે આયોજીત વાર્ષિક સામાન્ય સભાની નોંધ

સ્થળ : એસ.કે.એ. હોલ, વીલીયર્સ રોડ, લંડન, એનડબલ્યુ ૨, ૬પીએચ
સમય : ૩.૦૦ પી.એમ. અને મિટિંગ શરૂ ૩.૨૫

ચેરબાય : ભાવિન શાંતિલાલ ખત્રી (બીએસકે) -પ્રમુખ
મિનિટસ : કિરણ નરહરી કાપડીઆ

મિટિંગ શરૂ થઇ ત્યારે હાજર સભ્યો ૪૦
કુલ હાજર સભ્યો ૬૭

એજન્ડા : એસ.કે.એ.ની ૧૩૪મી પત્રીકામાં છપાયેલા મુજબ ઓગષ્ટ ૨૦૧૧

૧. ૨૦૧૦ વાર્ષિક સામાન્ય સભાની નોંધની મંજૂરી
૨. ૩૧ માર્ચ ૨૦૧૧ સુધીના ઓડીટ થયેલ હિસાબ કિતાબ ની મંજૂરી
૩. નવા ઓડિટર્સની નિમણુંક
૪. વાર્ષિક રિપોર્ટ માં પરિવર્તન, ન્યુઝ લેટરમાં સમાવેશ

૫. લગ્ન પ્રસંગે કરવામાં આવતા ફુલપાન વિધીનો અંત

૬. હોલની માલિકી વિશેચર્ચા
૭. અન્ય વિષયો

બીએસકે એ સર્વેનો સામન્ય સભામાં આવકાર કરી, હાજરી આપવા માટે ધન્યવાદ આપ્યો અને મુકેશ વલ્લભભાઇ ખત્રી (એમવીકે)ને ચર્ચાના મુદ્દા રજુ કરવા વિનંતી કરી.

૧. ૨૦૧૦ વર્ષની સામાન્ય સભાની મંજૂરી

એમવીકે એ ઉપસ્થિત સભાજનોને ૫-૧૦ મીનિટ સભાની નોંધ વાંચવા આપી હતી અને ત્યારબાદ તેમાં કોઇ ફેરફાર કે ભુલ હોય તે માટે ધ્યાન દોરાવા જણાવ્યું હતું.
નોંધમાં કોઇ સુધારો ની જરૂર ના હોતા, હરેન્દ્ર ધીરજલાલ ખત્રી (એચડીકે) અને નરેશ શાંતિલાલ કાપડીઆ(એનએસકે) એ સભાની નોંધને મંજુરી આપી હતી.

૨. ૩૧ માર્ચ ૨૦૧૧ સુધીના ઓડીટ થયેલ હિસાબ કિતાબ ની મંજૂરી

સંસ્થાના ખજાનચી વિનોદ છગનલાલ ખત્રી(વીસીકે) એ હિસાબ કિતાબની નોંધ વિશે વિસ્તારથી માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે હિસાબ કિતાબની અંતિમ તારીખ પછી અમુક સભ્યોની મેમ્બરશીપ ફી આવી હોવાથી સભ્ય ફી નો આંકડો ઓછો છે.

હાલની કમિટિએ નવું લેપટોપ કમ્પયુટરની ખરીદી કરી છે જેનાથી આશા છે કે હવે હિસાબ કિતાબની નિયમિત રીતે નોંધ લેવાતી રહેશે જેનાથી મેમ્બરશીપ ના ઇનવોઇસ સમયસર બહાર પાડવામાં આવશે.
કમિટિએ સેજના ડેટાબેસ અને સભ્યોની માહિતીના ડેટાબેસને સાથે કરવાના વિકલ્પને ચકાસ્યો હતો પણ તે ઘણું મોંઘુ પડે એમ હોતા કમિટિ બે જુદા જુદા ડેટાબેસ સાથે આગળ વધશે.

એમવીકે એ બેલેન્સ શીટમાંપૈસાની અવર જવર વિશે માહિતી આપી હતી અને લોકોને હિસાબ કિતાબ વિશે પ્રશ્નો પુછવા સંમતિ આપી હતી.

નવીન દુર્લભભાઇ વખારીઆ (એનડીવી) એ સંસ્થા પાસે કેટલી રકમ હાલે છે એ જાણવું હતું. એમવીકે એ હિસાબ કિતાબની નોંધની નોટ ૧૧ પર ધ્યાન દોરવ્યું હતું. એનડીવી એ તેમાં નોંધાયેલ રકમ વિશે ચોખવટ માંગી હતી. તો £46,638 માં £42,614 ડેટર્સ ની રકમ અને £3,754 રોકડ રકમ છે એવો ખુલાસો આપવામાં આવ્યો હતો.

(વીસીકે) એ હિસાબ કિતાબની નોંધની તૈયારીમાં પ્રકાશ ઠાકોરલાલ જરીવાલા અને અનિલ કનૈયાલાલ જાદવે કરેલ અથાગ પરિશ્રમ માટે અને તે બંન્નેના સહકાર માટે તેઓનો આભાર માન્યો હતો.

હિસાબ કિતાબની નોંધને સુધીર દયારામ ખત્રી (એસડીકે) અને હરિવદન કાંતિલાલ કાબાવાલા(એચકેકે) એ મંજુરી આપી હતી.

૩. નવા ઓડિટર્સની નિમણુંક

એમવીકે એ ઉપસ્થિત સભાજનોને જણાવ્યું કે એમસીટી પાર્ટનરશીપે ઓડીટર તરીકે કાર્ય કરવા તૈયારી બતાવી છે અને તેઓની ફી હાલે ખબર નથી પણ તેમાં બહુ વધારો થવાની શકયતા ઓછી છે.

ચંદ્રકાંત હરકીશનદાસ દમણીયા (સીએચડી) અને જીતેન્દ્ર ઠાકોરલાલ અંબારામે (જેટીએ) એ ઓડિટર્સની નિમણુંકને મંજુરી આપી હતી.

૪. વાર્ષિક રિપોર્ટ માં પરિવર્તન, ન્યુઝ લેટરમાં સમાવેશ

બીએસકે એ જણાવ્યુંકે અગાઉની વાર્ષિક સભામાં વાર્ષિક રિપોર્ટસ સંક્ષિપ્તતાથી તૈયાર કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. આ કમિટિનું એવું મંત્વ્ય છે કે મહોત્સવ પછીની છપાતી પત્રિકા, એટલે કે નયુઝલેટર,માં મહોત્સવનો વિસ્તારનો અહેવાલ અને મહોત્સવના દિવસે મળેલ દાનની નોંધણી પ્રકાશિત કરવામાં આવે છે. કમિટિનો એવો પ્રસ્તાવ છે કે હવે પછી વાર્ષિક હિસાબ કિતાબ ને મંજુરી મળ્યા બાદ, તેમાંથી નાણાંકીય માહિતીનો સારાંશ અને મળેલ દાનની યાદી જ બહાર પાડવામાં આવે.

સીએચડી એ શું કમિટિ માત્ર નોંધાવેલ દાનને પ્રકાશિત કરશે કે પછી હિસાબ કિતાબને મંજુરી મળેલમાં આવેલ ભેટની રકમને પ્રકાશિત કરશે કે પછી બંન્ને એ બાબતસર ખુલાસો માંગ્યો. બીએસકે એ કહયું કે પ્રસ્તાવ હિસાબ કિતાબને મંજુરી મળેલમાં આવેલ ભેટની રકમને પ્રકાશિત કરવાનો છે.

ગિરધરલાલ ભાણાભાઇ બલ્સારા (જીબીબી) ને જાણવું હતું કે શું આ રિપોર્ટની કોપી લોકો પર મોકલવામાં આવશે કે પછી ઓન લાઇન જઇને જોવી પડશે? ખાસ કરીને વડીલો, કે જેઓ પાસે કદાચ ઇન્ટરનેટ ના પણ હોય, તેઓ આ રિપોર્ટ કેવી રીતે મેળવશે? એમવીકે એ કહયું કે હાલે તો આ રિપોર્ટ પેપર કોપીમાં છપાવી મોકલવામાં આવશે, પણ ભવિષ્યમાં કદાચ બધું આોનલાઇન જ હશે. એમવીકેનું મંતવ્ય હતું કે વાર્ષિક રિપોર્ટ તૈયાર કરવા ઘણો લાંબો સમય લાગે છે અને એનો જ્ઞાતિજનો માટે ખાસ ફાયદો પણ નથી.

પ્રવિણ ઠાકોરલાલ જરીવાલા(પીટીજે) નું મંતવ્ય હતું કે ઘણા વર્ષોના રિપોર્ટસ મોડેથી પ્રકાશિત કરવાથી કોઇને ફાયદો નથી થતો, તેના કરતા સારાંશવાળા રિપોર્ટ જો સમયસર પ્રકાશિત કરવામાં આવે તો તે વધુ ઉપયોગી સાબિત થશે. તેમણે વાર્ષિક મહોત્સવ સુધીમાં તૈયાર કરી મહોત્સવ ના દિવસે આપવા સુચન કર્યુ. એમવીકે એ કહયું કે એટલું જલ્દી તૈયાર કરવું કદાચ સંભવ નથી. પ્રસ્તાવિત બદલાવથી કદાચ યુવાવર્ગ મંડળમાં જોડાવા આકર્ષિત પણ થાય.

પીટીજે એ કહયું કે મહોત્સવના દિવસે દાનની નોંધ કમ્પ્યુટરમાં કરવામાં આવતી જ હોય છે તો શા માટે તેનો ઉપયોગ નથી કરી શકતા? એમવીકે કહયું કે જયારે ઉઘરાણાની નોંધ જ્ઞાતિજનો પર મોકલવામાં આવે છે ત્યારે ઘણા લોકો ભેટ નોંધાવતા હોય છે માટે મહોત્સવના દિવસની દાનની નોંધ સંપુર્ણ નથી હોતું.

આ સમયે ઘણા જ્ઞાતિજનોએ જણાવ્યું કે મહોત્સવના દિવસે દાન નોંધાવવા માટે કોઇ પુછવા આવ્યું નહોતું. પ્રકાશ ઠાકોરલાલ જરીવાલાએ કહયું કે મહોત્સવના દિવસે દાન નોંધાવવા માટે લોકોને આગ્રહ કરવાનું ચાલુ રાખવું જોઇએ.

એમવીકે એ કહયું કે આ સમસ્યા માટે વિવિધ વિકલ્પો કમિટિમાં ચર્ચાયા છે કેમકે લોકો મહોત્સવમાં આનંદ કરવા આવે છે અને એ સમયે દાનનો આગ્રહ કનડગત થતો હોય શકે. વાર્ષિક દાનની નોંધની સાથે જ લોકો પોતાનું દાન નોંધાવે કે પછી મહોત્સવના દિવસે પાછળ થોડા ટેબલ રાખવામાં આવે જેથી લોકો જઇને પોતાનું દાન નોંધાવી આવે. બીજા વિકલ્પમાં મોટા ભાગના ઉપસ્થિત જ્ઞાતિજનો સહેમત હતા માટે આ વિકલ્પ પર આવતા મહોત્સવમાં કદાચ અમલ કરવામાં આવશે.

હરેન્દ્ર ધીરજલાલ ખત્રી એ કહયું કે મહોત્સવમાં અપાતા ભાષણો પ્રકાશિત થવા જોઇએ જેથી લોકો વાંચી શકે. પ્રવિણ શાંતિલાલ કાપડીઆનું મંતવ્ય હતું કે એ જરૂરી નથી. સંસ્થાની વેબ સાઇટ પર ભાષણોની વીડીઓ મુકવામાં આવે તો સર્વે જોઇ શકે છે. એમવીકે એ લોકોએ મહોત્સવ ના દિવસે ભાષણો સાંભળવા જોઇએ એવું કહયૂ અને આ વર્ષના ૫૧માં વાર્ષિક મહોત્સવમાં અતિથિ વિશેષ પ્રકાશભાઇનું ભાષણ ટી બ્રેકમાં આવતા ઘણો ઘોંઘાટ થયો હતો જે બદલ દિલગીરી વ્યકત કરી અને પ્રકાશભાઇનું ભાષણ વેબ સાઇટ પર જલ્દીથી મુકવામાં આવશે એમ જણાવ્યું.

આ ચર્ચાના મુદ્દાનો ઠરાવને બહુમતિ મળી હતી. અને જીતેન્દ્ર અંબારામ ઠાકોરલાલ અને ચંદ્રકાંત હરકીશનદાસ દમણીયાએ મંજુરી આપી હતી. માટે હવેથી માત્ર નાણાંકીય અહેવાલનો સારાંશ અને મળેલ ભેટની નોંધ વર્ષના અંત સુધીમાં પ્રકાશિત કરવામાં આવશે.

<u>૫. લગ્ન પ્રસંગે કરવામાં આવતા ફુલપાન વિધીનો અંત</u>

એમવીકેએ આ મુદ્દા વિશે થોડી માહિતી આપતા કહયું કે, બીજા સમાજોમાં મોટે ભાગે આ રિવાજ હવે નીકળી ગયો છે. લગ્ન એક પારિવારીક પ્રસંગ છે અને આધુનિક જીવનશૈલી થકી લગ્નપ્રસંગે કોઇ વાર ફુલપાન કરવામાં થોડી મર્યાદા કે અડચણ ઉભી પણ કરે છે.આપણા સમાજમાં હવે પરકોમમાં લગ્નો વધી રહયા છે, અને ઘણીવાર આરીત પરકોમના વેવાઇવાળાને સમજાવવી વિવાદાસ્પદ સાબિત થઇ છે. સંસ્થા નવદંપતિના ફોટા અને અહેવાલ ન્યુઝલેટરમાં છાપવાનું ચાલુ જ રાખશે.
એમવીકેએ કહયું કે જ્ઞાતિનો યુવાવર્ગ પણ મંડળ આવી ફુલપાન કરે આ પ્રથા બંધ થાય એમ ઇચ્છે છે.પહેલા પરદેશથી આવનાર દરેક જ્ઞાતિજનોનું ફુલોથી બહુમાન કરવામાં આવતું જે પ્રથા સમયજતા બંધ કરવામાં આવી હતી કારણકે પરદેશથી આવનાર લોકોની સંખ્યા વધવા લાગી હતી.
સીએચડીએ કહયું કે પરદેશથી આવનાર લોકોનું ફુલોથી બહુમાન કરવા માટે સંસ્થાએ બંધ નહોતું કર્યુ પણ લોકોને ફુલપાન લેવાની અને પછી મંડળને દાન આપવાની ઇચ્છા ના હતી. લગ્ન પ્રસંગે થતું ફુલપાન એ એક ગર્વ લેવા જેવી, વર્ષોથી ચાલી આવતી પ્રથા છે જે ચાલુ જ રખાવી જોઇએ.
મહેન્દ્ર જગમોહન ગોહિલે જણાવ્યું કે આ પ્રથા ૫૧ વર્ષથી ચાલતી આવી છે અને આ બંધ કરવા કોઇ વ્યાજબી કારણ નથી. આ તો સમાજ તરફથી નવદંપતિને આશિર્વાદ છે અને આ પ્રથા ચાલુ જ રહેવી જોઇએ. લોકોને ગર્વ થવું જોઇએ કે આ પ્રથા આપણા સમાજમાં ચાલુ છે. આ જ રીતના વિચારો હરીલાલ નરસઇ કાપડીઆ, રતીલાલ મોતીરામ અને ભાનુબેન રતીલાલ મોતીરામે પણ રજુ કર્યા હતા.
ગૃહ શાંતક પ્રસંગે ફુલપાન કરી શકાય એવું સુચન પણ કરવામાં આવ્યું હતું. સુધીર દયારામ ખત્રી એ કમિટિએ આ વિષય પર ચર્ચા કરવા માટે નકકી કર્યુ એ માટે તેમની હિંમતને દાદ આપી હતી પણ કહયું કે આ પ્રણાલિકાનો વિષય છે અને ચાલુ રહેવું જોઇએ. જેમની ઘરે પ્રસંગ હોય તેઓ મંડળને બોલાવવા કે નહીં તે જાતે નકકી કરી શકે છે.
પ્રવિણ ઠાકોરલાલ જરીવાલાએ જણાવ્યુંકે જન્મ, લગ્ન અને મૃત્યુ એ આપણા ધર્મના ત્રણ સંસ્કારો છે. સંસ્થાએ લગ્ન પ્રસંગે આશિર્વાદ આપવા આપ્રથા ચાલુ રાખવી જોઇએ.
હીનેશ મોહનલાલ ખત્રી એ કહયું કે અંતમાં આ પ્રથા નીકળી જ જશે. પણ ત્યાં સુધી ફુલોની જગ્યા એ કોઇ બીજો વિકલ્પ શોધવો જોઇએ, જેમકે કાર્ડ, કારણકે ફુલો અંતમાં ફેંકી દેવામાં આવે છે.

ધીરજલાલ મગનલાલ કાપડીઆ એ કહયું કે તેઓ જે વડીલો બોલી ગયા તે વાતથી સહેમત છે પણ અત્યારના યુવાવર્ગને આપણા આશિર્વાદમાં રસ નથી માટે આ પ્રથા બંધ કરવી જોઇએ.
રવિ પ્રવિણ જરીવાલાએ કહયું કે તેના થોડો સમયમાં પરકોમમાં લગ્ન થવાના હોવાથી આ મુદ્દો તેને લાગુ પડે છે અને તેના હિસાબે મંડળ તરફથી થતા ફુલપાનની કોઇ જરૂર નથી. અને તેણે તેમના સાસરેવાળાઓને પરન્યાતને દાન આપવા વિનંતિ કરવી પડશે.
કિરણ નરહરી કાપડીઆએ કહયું કે ન્યુઝલેટરમાં નવદંપતિનો ફોટો છપાતો રહેવો જોઈએ પણ સંસ્થાને લગ્ન પ્રસંગે આમંત્રણ આપવાનું લોકોને ફરજીયાત ના લાગવું જોઇએ.
ગીરધરલાલ ભાણાભાઇ બલ્સારાએ કહયું કે પ્રશ્ન આશિર્વાદનો નથી પણ સંસ્થાને દાન નહીં મળે તો ખોટ જશે તેનો છે.
એમવીકે એ કહયૂં કે આ પ્રથા બંધ કરાવવનો હેતુ નાણાંકીય દષ્ટિએ નથી, પણ માત્ર ફુલપાન ના કરવા માટેનો છે.
હરેન્દ્ર ધીરજલાલ ખત્રી એ કહયું કે મોટે ભાગના લગ્નો વીકેન્ડના હોય છે માટે કમિટિનું કોઇ તો હાજરી આપી જ શકે છે.
હરીવદન કાંતિલાલ કાબાવાલાએ કહયું કે જો સંસ્થાને આમંત્રણ મળે તો કમિટિએ જવું જ જોઈએ. સીએચડીએ કહયું કે મોટે ભાગે કમિટિના અમુક લોકોને તો વ્યકિતગત રીતે આમંત્રણ હોય જ છે તો તેઓ આ વિધિ પરિપુર્ણ કરી શકે છે. ભાગ્યે જ કોઇ વાર કોઇ પણ કમિટિના લોકોને વ્યકિતગત રીતે આમંત્રણ નથી હોતું.
એમવીકે એ કહયું કે મોટે ભાગના જ્ઞાતિજનોના વિચારો આ પ્રથા ચાલુ રાખવાની છે તો આ કમિટિ આ પ્રથાને ચાલુ રાખશે. પણ તેમણે યાદ અપાવ્યું કે હાલમાં એક જ્ઞાતિજનને ત્યાં લગ્ન પ્રસંગે જયારે સંસ્થાને આમંત્રણ ના હતું માટે ફુલપાન ના કરવામાં આવ્યું તો ત્યારે અમુક જ્ઞાતિજનોએ અમુક કમિટિના સભ્યો સાથે આ વિશે વિવાદ કર્યો હતો. તો એમવીકે એ કહયું કે જ્ઞાતિજનો કમિટિના સભ્યોને આ રીતના હેરાન ના કરે.

<u>૬. હોલની માલિકી વિશેચર્ચા</u>
બીએસકે એ હોલની માલિકી વિશે ટુંકમાં સાર કહી એમવીકેને વિસ્તારથી સમજાવવા કહયું.
એમવીકેએ કહયૂ કે, આપણી સંસ્થા હાલે એક ચેરીટેબલ ટ્રસ્ટ છે. અને કાયદાની દષ્ટિએ ટ્રસ્ટ કોઇ જાતની જગ્યાની માલિકી ના રાખી શકે પણ જગ્યા ટ્રસ્ટીઓના નામે જ નોધાવવી પડે છે. હાલે આપણા હોલના ટ્રસ્ટીઓ અનિલ અમ્રતલાલ હઝરતવાલા, ભરત જગજીવન વખારીઆ, મહેન્દ્ર જગમોહન ગોહિલ અને ચંદ્રકાંત હરકિશનદાસ દમણીયા છે. આમાંથી કોઇ પણ હવે કમિટિમાં નથી.જો આપણે ટ્રસ્ટ તરીકે સંસ્થાને ચલાવીશું તો દરેક નવી કમિટિ આવે ત્યારે નવી કમિટિના સભ્યોનું નામ લેન્ડ રજીસ્ટ્રીમાં બદલાવવું પડશે. આ વાતનો ખર્ચો પણ થશે અને દરેક કમિટિની આ રોલને સાકાર કરવાની જ્વાબદારી બની રહેશે. ભુતકાળમાં જ્ઞાતિજનોને આ જ્વાબદારી લેવામાં સંકોચ થયો છે.
એમવીકે ત્યારબાદ કંપની લીમીટેડ બાય ગેરેંટી વીથ ચેરીટેબલ રજીસ્ટ્રેશન ના વિકલ્પને વિસ્તારથી સમજાવ્યું હતું. આ વિકલ્પમાં સંસ્થાની દરેક મિલકત નવી કંપનીને સોંપી દેવામાં આવશે. કંપની તરીકે સંસ્થા જગ્યાની માલિકી રાખી શકશે. તથા દર નવી કમિટિ આવે ત્યારે વારંવાર નવી કમિટિની લેન્ડ રજીસ્ટ્રીમાં નોંધ કરવાની જરૂર પણ નહીં રહે. કંપનીના એકઉન્ટસ ચેરીટી કમીશન ને તથા કંપની હાઉસને મોકલવામાં આવશે. તથા લોકો એકાઉન્ટસ ચેરીટી કમીશનની વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી શકશો. દરેક કારોબારીના સભ્યો ચેરીટી કમીશન તથા કંપની હાઉસમાં નોંધવામાં આવશે.
કમિટિએ આ બાબતસર મ્યુચ્યુલ એસોશીયેશન, ક્મ્યુનીટિ ઇન્ટ્રેસ્ટ કંપની, જેવા બીજા વિકલ્પો પર પણ સલાહ લીધી હતી. ક્મ્યુનીટિ ઇન્ટ્રેસ્ટ કંપની તરીકે સંસ્થા ચેરીટી તરીકે રજીસ્ટર ના કરાવી શકે તેથી ગીફ્ટ એઇડ અને કાઉન્સીલ ટેક્ષના દરમાં મળેલ રાહત જેવા લાભો સંસ્થાએ ગુમાવવા પડશે માટે આ વિકલ્પો પર આગળ નથી વધ્યા.

હરીવદન ધનસુખલાલ ગોહિલે પુછયું કે જો ચેરીટેબલ કંપની થઇએ તો શું દર બે વર્ષે જયારે કમિટિ બદલાય તો ફરી નામો નોંધાવવા પડશે? એમવીકે એ કહયું કે આ વસ્તુની જરૂર નથી એ એક મોટો ફાયદો છે આ રીતના પરિવર્તન કરવામાં.

સુધીર દયારામ ખત્રી એ પુછયુંકે શું સંસ્થા પાસે જે નવા હોલ માટેનું ફંડ ભેગું કરવામાં આવેલ છે તે માટે ચેરીટી કમીશન કદાચ પરીક્ષણ કરશે કે આપણે જોઇએ એટલા ચેરીટેબલ કાર્યો નથી કરતા? એમવીકેનું એવું મંતવ્ય હતું કે સંસ્થા ચેરીટેબલ કાર્યો કરે જ છે અને આ ભંડોળ નવા હોલ માટે બાજુ પર રાખવામાં આવ્યું છે જે તેમને આશા છે કે આવનાર પેઢી સાકાર કરશે. આખરે ૧૩૦૦ જ્ઞાતિજનો માટે આ હોલ, જે માત્ર ૬૦ લોકોને સમાવી શકે છે, તે બરાબર નથી. કમિટિ

આ પરિવર્તન વિશે અમુક કાર્ય ચાલુ કરી ચુકી છે અને આ માટે કદાચ ઇજીએમ પણ બોલાવવી પડે. નવું બંધારણ તૈયાર કરવું પડશે અને જો આજે આ ઠરાવને પસાર કરવામાં આવે તો કદાચ માર્ચ ૨૦૧૨ કે પછી માર્ચ ૨૦૧૩ સુધીમાં આ પરિવર્તન થઇ શકશે.
જીતેન્દ્ર અંબારામ ઠાકોરલાલે કમિટિને આ કાર્યને હાથમાં લેવા માટે દાદ આપી હતી અને તેઓ આ પરિવર્તનને સંપુર્ણ સમર્થન આપે છે એમ જણાવ્યું. તેમણે આ જાહેરાત કદાચ મહોત્સવ પ્રસંગે કરી હોત તો બધાને ફાયદો થાત અને ન્યુઝલેટરમાં આ વિશે વિસ્તારપુર્વક માહિતી આપવા સુચન કર્યુ હતું. એમવીકે એ કહયૂ કે મહોત્સવ વખતે સર્વેનું ધ્યાન આકર્ષિત કરવું મુશ્કેલ છે, પણ તેઓ જ્ઞાતિજનોને માહિતી આપીને જ આગળ વધશે અને માટે જ તેઓ આ કાર્ય માર્ચ ૨૦૧૩ સુધી નહીં પતે એવું માને છે.

એમવીકે કહયૂ કે આ માટે નો કાનુની ખર્ચો ૬૦૦૦ પાઉન્ડ નો થશે.

ઉપસ્થિત જ્ઞાતિજનોએ આ ઠરાવને સર્વસંમતિથી મંજુર કર્યો હતો.

૭. અન્ય વિષયો

બીએસકેએ અન્ય વિષયોના મુદ્દા પર ચર્ચા કરવા માટે દરખાસ્ત કરી હતી. સર્વ પ્રથમ કમિટિ તરફથી કમલેશ રતીલાલ મોતીરામ હોલની ક્ષમતા વિશે થયેલ કાર્ય વિશે માહિતી આપશે.
તેમણે જણાવ્યું કે, કમિટિ સાઠે એસ્ટેટ, કે જેઓ ૧૩૪ હાઇ રોડના મકાનના લીઝ હોલ્ડર છે નો સંપર્ક કરવાની કોશિશ કરી હતી પણ તેમણે અમને બહુ દાદ ના આપી હતી. પછી ખબર પડી કે એ મકાનનો માલિક કોઇ શ્રીમાન પટેલ છે. વકીલ મારફતે ખબર પડી કે ૧૩૪ હાઇ રોડના દસ્તાવેજમાં પેસેજની નોંધ નથી પણ ૧૩૨ અને ૧૩૪ હાઇ રોડ તથા ૨૪૬ સેંડ્રીગ્હમ રોડ એમ ત્રણેના ભાગમાં છે.
શ્રીમાન પટેલે કોઇ પણ કાગળના જ્વાબ ના આપતા કમલેશ મોતીરામે તેમના ઘરે તેમની મુલાકાત લીધી હતી. પણ તેમણે આપણી સંસ્થાને કોઇ પણ જાતનો પ્રવેશ આપવાની ઇચ્છા ના દર્શાવી. વધુ કાગળો લખવા બાદ તેમણે મળવા માટે ઇચ્છા દર્શાવી છે. અમને આશા છે કે ટુંક સમયમાં આ બેઠકનું આયોજન કરી શકીશું.
દીપક પ્રાણજીવન ખત્રી એ કહયું કે આપણે આજુ બાજુ વાળાઓને કેમ સંપર્ક નથી કરતા કેમકે તેમના સહકારથી કદાચ આપણે આગળ વધી શકીએ. કેઆરએમ એ આ બાબત પર અમે શ્રીમાન પટેલની સાથે મળી સમસ્યાનો હલ કરવા માંગતા હતા પણ દીપકે આપેલ સુચન પર જરૂર વિચારીશું.
જીતેન્દ્ર અંબારામ ઠાકોરલાલે પુછયૂ કે શું આ પેસેજમાં કોઇ જાતનો મટેરીયલ પરિવર્તન કરવામાં આવેલ છે? કેઆરએમએ કહયું કે એક ગેટ મુકવામાં આવેલ છે. શ્રીમાન પટેલ કદાચ સ્કવોટરના અધિકાર હેઠળ આ જગ્યા પચાવી પણ શકે.
મહેન્દ્ર જગમોહન ગોહિલે કહયું કે અપના બઝારની બાજુની ભોજનાલયવાળાએ શ્રીમાન પટેલ પર એક ફલુ, પંખો, મુકાવવા માટે ની પરવાનગી ના આપતા, દાવો માંડયો હતો. જેમાં શ્રીમાન પટેલની હાર થઇ હતી તો તેઓ કદાચ વધુ કાયદાકીય ખર્ચામાં ઉતરવા નહીં માગે માટે આપણને આ બાબતમાં લાભ થશે.
ઉપસ્થિત જ્ઞાતિજનોએ કમિટિ એ આ વિષય પર કરેલ વિકાસને પ્રોત્સાહન આપ્યું હતું.
ધીરજલાલ મગનલાલ કાપડીઆએ કહયું કે ૨૦૧૧ના મહોત્સવ ખરી રીતના ૫૦મો વાર્ષિક મહોત્સવ હતો અને ૨૦૧૦નો ૪૯મો. એક વર્ષે મહોત્સવનું આયોજન નહોતું કરવામાં આવ્યું અને એક વર્ષે બે મહોત્સવ સાથે રાખવામાં આવ્યા હતા માટે આ વર્ષનો મહોત્સવ ખરી રીતના ૪૯મો વાર્ષિક મહોત્સવ હતો અને તે ગુજરાતી ન્યુઝ લેટરમાં બરાબર લખવામાં આવ્યું છે એમ કહયું. બીએસકે એ ન્યુઝલેટરમાં લખવામાં ભુલ થઇ છે એવો ખુલાસો કર્યો. એમવીકે એ જો કોઇ જ્ઞાતિજન, જેઓને આ વિશે માહિતી હોય તો તેઓને ચોખવટ કરવા વિનંતી કરી.
એમજીજે એ કહયું કે પહેલો મહોત્સવ ૧૯૬૦માં હતો અને ૨૪મા મહોત્સવનું આયોજન નહોતું થયું અને માટે ૨૫મા મહોત્સવ નું રજત જયંતિ મહોત્સવરૂપે ઉજ્વણી કરવામાં આવી હતી અને આપણો ૫૦મો મહોત્સવ ૫૦મો જ હતો અને સંસ્થાને સ્થાપિત થયા બાદના ૫૦મા વર્ષે ઉજ્વવામાં આવ્યો હતો.
સીએચડી એ કહયું કે ૫૧ મા મહોત્સવ વખતે જે ચાની વ્યવસ્થા કરવામાં આવી હતી તે મહાનુભવોના ભાષણ વખતે રાખવામાં આવી તે બરોબર ના હતું. તથા હવે જે યુનીવર્સીટીમાં જશે તે વિધાર્થીઓએ વર્ષના ૯૦૦૦ પાઉન્ડની ફી

આપવી પડશે, જે ત્રણ વર્ષમાં ૨૭૦૦૦ પાઉન્ડ થાય. તે આ દેવું તેઓ ૪૬ વર્ષના થશે ત્યારે ચુકવી શકશે એવું હાલે બીબીસીના સર્વેમાં જણાવવામાં આવ્યું હતું. તો સંસ્થાએ બિલ્ડીંગ ફંડનો ઉપયોગ જ્ઞાતિના વિધાર્થીઓને વ્યાજ વગર લોન આપવામાં વાપરવી જોઇએ.
એચબીજીએ કહયું કે યુવાનોને આની કંઇ પડી નથી અને સંસ્થાનું ભંડોળ આ માટે ના વાપરવું જોઈએ.
એમવીકે એ સીએચડીને કહયુંકે ચાની વવ્યસ્થા પાછળ ભાવાર્થ સારો હતો પણ તે વાતનો અમલ સરખી રીતના ના થયો તે માટે કમિટિને ખેદ છે. વિધાર્થીઓ માટે લોનનો વિચાર સારો છે પણ તેના અમલ માટે તકલીફ પડશે. સંસ્થા પાસે એટલું ભંડોળ નથી માટે કેટલી રકમ આપી શકીએ તે કહેવું અઘરૂં છે તથા કયા વિધાર્થીને  આપવું એ કેવી રીતના નકકી કરવું.
સીએચડીને કહયુંકે જે લોકો ભરતથી આવ્યા છે અને જેઓની આવક ૨૦૦૦૦ પાઉન્ડથી ઓછી હોય તેઓને આપી શકાય. હવેના જુવાનીયાઓ ધરના બદલે ફલેટો માં રહે છે કારણકે તેઓ ઘર ખરીદવાનું પોસી શકતા નથી.
અમેવીકેએ આ વાતની નોંધ કરવામાં આવશે અને ભવિષ્યમાં એ વિશે વિચાર કરવામાં આવશે એમ કહી ઉપસ્થિત લોકોનો  એજીએમમાં આવવા બદલ, ખાસ કરીને બહેનોનો, આભાર માન્યો હતો.
બીએસકે એ સર્વેનો તેઓના સંસ્થાના પ્રમુખપદ દરમ્યાન લોકોએ આપેલ સાથ અને સહકાર બદલ આભાર માન્યો હતો.

સભા સાંજના ૫.૩૦ વાગે સમાપ્ત થઇ હતી.

- - - - - - - - - - - - - - - - - - - -

પ્રમુખ - ભાવિન શાંતિલાલ ખત્રી

- - - - - - - - - - - - - - - - - - - -

મંત્રી - મુકેશ વલ્લભભાઇ ખત્રી